RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-01
January -2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# "ભાગવતપુરાણ પ્રથમ સ્કન્ધનાં શ્રીકૃષ્ણ સ્તોત્રોનું વર્ણનઃ સમીક્ષાત્મક પરિચય"

પ્રિયંકા વી. ચૌહાણ

નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ, આટ્સ કોલેજ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનાગર

**પ્રસ્તાવનાઃ-**

શ્રીમદ્ ભાગવતમાં ભકતનું મુખ્ય લક્ષ વ્યાપક જનસમુદાયમાં સ્તોત્ર દ્વારા ભકિતનો પ્રચાર અને પ્રસાર કરવાનું છે. આ શ્રેષ્ઠ હેતુથી જ ભાગવતકારે પૌરાણિક સામગ્રીને ભકત-ચરિત અને સ્તોત્રના માધ્યમથી પ્રસ્તુત કરી છે. દયનીય પરિસ્થિતિ ઉત્પન્ન થતા ભકત ભગવાનમય બનીને સ્તુતિના માધ્યમથી આરાધ્યદેવના માહિમાનું ગાન અને વર્ણન કરે છે. ભાગવતપુરાણમાં પ્રસ્તુત કેટલાંક શ્રીકૃષ્ણનું માહાત્મ્ય દર્શાવતા સ્તોત્રો જેનું સમીક્ષાત્મક અધ્યયન કરીને તેનો પરિચય આપવાનો પ્રયત્ન નીચે મુજબ કરેલ છે.

**1 અર્જુનકૃત શ્રીકૃષ્ણસ્તુતિઃ-**

અર્જુનકૃત શ્રીકૃષ્ણસ્તુતિ પાંચ શ્લોકની છે. અર્જુન પર આવેલા બ્રહ્માસ્ત્રના મહાસંકટને ટાળવા તે પોતે ભગવાન શ્રીકૃષ્ણના શરણે જાય છે. અશ્વત્થામા અર્જુન પર બ્રહમાસ્ત્રનો પ્રયોગ કરે છે, ત્યારે અર્જુનને લાગે છે કે હવે મારા ઉપર પ્રાણ સંકટ આવી પડયું છે. આ બ્રહ્માસ્ત્રરૂપી પ્રાણસંકટથી બચાવનો એકમાત્ર ઉપાય ભગવાનનું શરણ જ છે, તેથી અર્જુન આ પ્રમાણે પ્રાર્થના કરે છે.

त्वमाद्यः पुरुषः साक्षीदीश्वरः प्रकृतेः परः।
मयां व्युदस्य चिच्छावक्या कैवल्ये स्थित आत्मनि।1

આ સ્તુતિમાં ભકત અને ભગવાન વચ્ચેના સંબંધનો સમન્વય થયેલો જોવા મળે છે. ભકત અને ભગવાન વચ્ચે સખાનો ભાવ અહીં પ્રગટ થયેલો છે.

**2 કુંતીકૃત ભગવત્સુતિઃ-**

પાંડવોના પરમમિત્ર તેમના હિતચ્છું દ્વારકાધિપતિ હસ્તિનાપુરથી પ્રસ્થાન કરી રહયા છે, તે જાણી પોતાના સ્વજનો પર કરેલા ઉપકારોથી ઉપકૃત થઇ કુંતી બંને હાથ જોડી એ માર્ગ પર આવે છે, જે માર્ગ પરથી ગોકુલનાથ શ્રીકૃષ્ણ જઇ રહયા છે. કુંતીને જોઇ ભગવાન શ્રીકૃષ્ણ રથ રોકે છે ત્યારે કુંતીના હૃદયમાં રહેલી ભવનાઓ શબ્દસ્વરૂપમાં શ્રીકૃષ્ણને જોઇને પ્રગટ થાય છે.

नमस्ये पुरुषं त्वमाद्यमीश्वरं प्रकृतेः परम्।
अलक्ष्यं सर्वभूतानामन्तर्बहिरवस्थितम्।।2

કુંતી શ્રીકૃષ્ણનું મુખ જોઇને કહે છે- 'મારા ભાઇના પુત્ર અને મારા ભગવાન છે,' અહીંયા દાસ્યભાવ પ્રગટ થાય છે. કુંતી દાસ્યભાવ સાથે વાત્સલ્યભાવથી પ્રભુની સ્તુતિ કરે છે. કુંતી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણોના દર્શનથી તૃપ્ત ન થતાં તે ભગવાનના મુખારવિંદના દર્શન કરે છે.

नमः पङ्कजनाभाय नमः पङ्कलमालिने।
नमः पङ्कजनेत्राय नमस्ते पङ्कजाङ्घ्रये।।3

કુંતી આ સ્તુતિમાં ભગવાન શ્રીકૃષ્ણના વિભિન્ન ગુણોનું ગાન કરે છે. શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન જ ભવબંધનથી મુકિત અપાવે છે. સર્વ દુઃખોથી દૂર કરાવે છે આથી જ માતા કુંતી પ્રભુને પ્રાર્થના કરી માત્ર વિપત્તિઓની જ ઇચ્છા રાખે છે, કેમ કે વિપત્તિ આવતા પ્રભુ પણ આવશે અને તેમના દર્શન આપી વિપત્તિઓમાંથી મુકિત અપાવશે. શ્રીકૃષ્ણ ભગવાન માતા કુંતીના સ્વજન હોવા છતાં કુંતી પોતાનો દાસ્યભાવપ્રગટ કરતાં સ્તુતિનો પ્રારંભ અને અંત નમસ્કારથી કરે છે.

**3 ભીષ્મકૃત ભગવત્સુતિઃ-**

મહાભારત યુદ્ધ દરમિયાન પિતામહ ભીષ્મ જયારે બાણશય્યા પર હતા ત્યારે તેમની અંતિમ ઇચ્છા હતી કે તેમના કલ્યાણ માટે ભગવાન શ્રીકૃષ્ણ તેમની બાણશય્યા પાસે પધારે. પ્રભુપણ ભકતરાજ ભીષ્મના કલ્યાણ માટે તેમની બાણશય્યા પાસે પધારે છે. પોતાની સન્મુખ શ્રીકૃષ્ણને જોઇ ભીષ્મ ધન્ય બની જાય છે. ભીષ્મની જન્મોની ભકિત-સાધના આજે સફળ નીવડે છે. ભીષ્મ નિષ્કામભાવથી ભગવાનની સ્તુતિ કરવા લાગે છે.

ભીષ્મ સ્તુતિ કરતા પ્રભુને કહે છે કે પોતે જે કંઇ ધર્મકાર્યો, યજ્ઞ, બ્રહ્મચાર્યનું પાલન કર્યું હોય તે સર્વ આપના ચરણોમાં સમર્પિત કરૂં છું.

इति मतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वतपुङ्गवे विभूम्नि।
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्भवप्रवाहः।4

પિતામહ ભીષ્મ યુદ્ધકાલીન સમયને યાદ કરીને પ્રભુની છબી યાદ કરે છે તેમના વાંકડિયા વાળ ધૂળથી અને શરીર પ્રસ્વેદથી મેલું થયું હોવા છતાં શોભાયમાન છે એમ કહેતા

RRIJM 2015, All Rights Reserved

તેમના સૌંદર્ય અને ગુણોનું વર્ણન આ સ્તુતિમાં કરે છે. પ્રભુની સ્તુતિ કરતાં ભીષ્મ પોતાનું શરીર, અંતઃકરણ અને આત્મા સમર્પિત કરે છે.

**4 હસ્તિનાપુરની કુલીન સ્ત્રીઓ દ્વારા શ્રીકૃષ્ણસ્તુતિઃ-**

મહાભારત યુદ્ધ સમાપ્તિ બાદ શ્રીકૃષ્ણ ભગવાન હસ્તિનાપુરમાંથી વિદાય લે છે, ત્યારે કુંતી, ગાંધારી, દ્રૌપદી, ઉત્તરા, સુભદ્રા, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, કૃપાચાર્ય નકુલ, સહદેવ, ભીમ, ધૌમ્ય અને સત્યવતીની સાથે-સાથે સમગ્ર હસ્તિનાપુરની પ્રજા પણ વિહ્વળ બની જાય છે. આમાં સૌથી વધારે દુઃખી અને શોકાગ્રસ્ત હસ્તિનાપુરની સ્ત્રીઓ થાય છે. તેઓ શ્રીકૃષ્ણને આરાધ્ય, સખા અને ઉપાસ્યના સ્વરૂપમાં ચાહે છે.

હસ્તિનાપુરની સ્ત્રીઓ કહે છે, આ તેજ પરમપુરુષ છે જેમની સુંદર લીલાઓનું ગાન વેદોમાં થયેલું છે.

यदा ह्यधर्मेण तमोधियो नृपा जीवन्ति तत्रैष हि सत्त्वतः किल।

धत्ते भगं सत्यमृतं दया यशो भवाय रुपाणि दुधद्युगे युगे।।4

હસ્તિનાપુરની સ્ત્રીઓ યદુવંશને પરમ પ્રશંસનીય કહ્યો છે કેમકે પ્રભુએ ત્યાં જન્મ લઇને આ વંશને સમ્માન્તિ કર્યો છે.

પ્રભુના ચરણ જયાં-જયાં પડયા છે તે-તે સ્થળ સુશોભિત થયું છે. પ્રભુએ જે સ્ત્રીઓ સાથે પાણિગ્રહણ કર્યું હશે તે સ્ત્રીઓએ અવશ્ય વ્રત-સ્નાન, હવન દ્વારા પરમાત્માની આરાધના કરી હશે. હસ્તિનાપુરની સ્ત્રીઓ ભગવાન શ્રીકૃષ્ણના ગુણગાન ગાઇ તેમની સ્તુતિ કરે છે. આ સ્તુતિમાં કૃષ્ણ પ્રત્યેની સ્ત્રીઓની પ્રેમાભકિત ઊભરતી જોવા મળે છે.

**ઉપસંહારઃ-**

ભાગવતના પ્રથમ સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણની સુંદર સ્તુતિઓ પ્રાપ્ત થાય છે. જેમાં ભગવાનનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. અલગ-અલગ વ્યકિત વિશેષ દ્વારા આ સ્તુતિઓ ગવાયેલી જોવા મળે છે. વિપત્તિઓનો નાશ ભગવાનના સ્મરણથી કેવી રીતે થાય છે તે આ સ્તુતિઓમાં સ્પષ્ટ જોવા મળે છે. આધ્યાત્મિક સ્તરે આ સ્તુતિનું ખુબજ મહત્ત્વ છે કારણ કે આ સ્તુતિના ગાનથી પ્રભુમાં અતુટ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. આ સ્તુતિઓ ભગવાનની લીલાઓ અને ગુણોને સુસ્પષ્ટ રીતે રજૂ કરે છે.

## સંદર્ભ ગ્રંથ


1 महर्षिवेदव्यासप्रणीतं गीता प्रेस, गोरखपुर श्रीमद भागवतमहापुराणम् 1.7.23

2 तदेव શ્રીમદ્ ભાગવત-1.8.18

3 तदेव શ્રીમદ્ ભાગવત-1.8.22

4 तदेव શ્રીમદ્ ભાગવત-1.9.32

5 तदेव શ્રીમદ્ ભાગવત-1.10.25